# બ્રેકિંગ ન્યૂઝના નિર્માતા ટેડ ટર્નરઃ જેમણે સમાચારોને સમયની સીમામાંથી આઝાદ કર્યા

ફાયરવોલ
રાજ ગોસ્વામી

6 ઠ્ઠી મેના રોજ દુનિયામાં લોકોએ તેમની 24 કલાકની ન્યૂઝચેનલ પર સમાચાર સાંભળ્યા કે ટેડ ટર્નર હવે નથી રહ્યા, ત્યારે તે એક વ્યક્તિના જવાની સમાચાર નહોતા, તે એક એવા યુગનું પ્રકરણ બંધ થવાની ક્ષણ હતી, જેણે સમયને જોવાની, સમજવાની અને મહેસૂસ કરવાની આપણી રીત બદલી નાખી હતી. 87 વર્ષની વયે તેમનું જવું એ પેઢીનું પણ અવસાન હતું, જેણે મીડિયાને સીમિત બારીઓમાંથી કાઢીને એક નિરંતર વહેતી ધારા બનાવી દીધું હતું.

આજે બ્રેકિંગ ન્યૂઝ અને 24ની ન્યૂઝ સાઈકલની નવાઈ નથી અથવા એવું કહો કે તેના વગર આપણને ચાલતું નથી, તો તેના પાયામાં ટેડ ટર્નર નામના આ અમેરિકન બિઝનેસમેનનો હાથ છે. અમેરિકાનો મીડિયા ઉદ્યોગ જ્યારે એવું માનતો હતો કે લોકોને અડધા કે એક કલાકે ન્યૂઝ અપડેટ સિવાય વધુ રસ નથી, ત્યારે ટર્નરે તેમના ક્ષેત્રના લોકોની ઠઠ્ઠામશ્કરી વચ્ચે સમાચારો પીરસવાની એક એવી કલ્પના કરી હતી, જે અમુક દાયકામાં જ પૂરી દુનિયામાં ટેલિવિઝન ન્યૂઝના ક્ષેત્રે ક્રાંતિ લાવી દેવાની હતી.

1970ના દાયકામાં અમેરિકામાં સમાચારો અખબારોના પાનામાંથી નીકળીને ટેલિવિઝનના સ્ક્રીન પર આવી ગયા હતા. અખબારના સમાચારો 24 કલાક પછી ઘરમાં આવતા હતા, પણ ટેલિવિઝને તેને રોજ સાંજે પ્રસારિત કરવાનું શરૂ કર્યું હતું. લોકો તેમના દિવસનો એક હિસ્સો 'ન્યૂઝ-ટાઈમ' માટે સુરક્ષિત રાખતા હતા. સમાચારો એક શો હતા, નિરંતર પ્રવાહ નહીં.

તે વખતે, વિજ્ઞાપનની દુનિયાના માંધાતા રોબર્ટ એડવર્ડ ટર્નરના 41 વર્ષના દીકરા ટેડ ટર્નરને જેણે પિતાના વ્યવસાયનું સંચાલન હાથમાં લઈ લીધું હતું, તેમાં એક ખોટ દેખાઈ હતી; દુનિયા તો હર સમય બદલાઈ રહી છે, તો તેના સમાચારો શા માટે એક નિશ્ચિત સમયે જ આવે છે? ટર્નર બિઝનેસમેન હતા, પત્રકાર નહીં, પણ તેમને 'સંભાવના'ને પારખતાં આવડતું હતું. તેમની પાસે અમેરિકામાં કેબલ ટેલિવિઝનનું તેજીથી વધતું નેટવર્ક હતું, જેમાં સમયની કોઈ પાબંધી નહોતી. ટર્નરને એક વિચાર આવ્યો; જો 24 કલાકના ટેલિવિઝન કાર્યક્રમો હોય, તો સમાચારો કેમ નહીં?

આ વિચાર પરથી તેમણે 1980માં તેમણે Cable News Network (CNN) નામની 24 કલાકની ન્યૂઝ ચેનલ શરૂ કરી, ત્યારે મીડિયા જગતે તેને ગંભીરતાથી લીધી નહોતી. એ લોકો તેને મજાકમાં 'ચિકન નૂડલ ન્યૂઝ' કહેતા હતા. ટીકાકારોનો તર્ક એવો હતો કે ન તો એટલા સમાચારો હોય છે કે 24 કલાક ચેનલ ચાલી શકે અને ન તો લોકોમાં એટલી બધી ઉત્સુકતા હોય છે કે દર મિનીટે ન્યૂઝ ચેક કરી લે. જાહેર ખબરો આપવા વાળાને પણ એમાં સંશય હતો, અને અનુભવી પત્રકારો પણ આને અસંભવ પ્રયોગ માનતા હતા.

ટર્નરની પાસે અલગ જ વિશ્વાસ હતો. 1980માં તેમણે અમેરિકાની પહેલી 24 કલાક ન્યૂઝ આપતી ચેનલ Cable News Network લોન્ચ કરી, ત્યારે તેમણે કહ્યું હતું, 'અમે ત્યાં સુધી પ્રસારણ બંધ નહીં કરીએ, જ્યાં સુધી દુનિયા ખતમ ન થઈ જાય અને દુનિયાનો અંત આવશે તે સમાચાર પણ અમે આપતા હોઈશું.' આ કથન જેટલું નાટકીય હતું, એટલું જ ટર્નરની દ્રષ્ટિનું પ્રતિક હતું. એ કહેવા માંગતા હતા કે સમાચારો હવે 'સમાપ્ત' નહીં થાય; તે નિરંતર ચાલતા રહેશે.

શરૂઆત આસાન નહોતી. સંસાધન સીમિત હતાં, દર્શકો ઓછા હતા, અને વિશ્વાસ બનાવવો અઘરો હતો, પણ ધીરે-ધીરે લોકોની આદતો બદલાવા લાગી. તેઓ નિશ્ચિત સમયે ન્યૂઝ બુલેટિનનો ઈન્તેજાર કરવાને બદલે, જ્યારે ઈચ્છે ત્યારે જોવા લાગ્યા. આ એક સૂક્ષ્મ પણ ઊંડો બદલાવ હતો; સમાચારો હવે 'ઈવેન્ટ' રહ્યા નહોતા, હવે તે 'બ્રેકિંગ ન્યૂઝ' બની ગયા હતા.

આમાં નિર્ણાયક ક્ષણ આવી 1991માં, જ્યારે ગલ્ફ યુદ્ધ શરૂ થયું. તે વખતે દુનિયાને પહેલીવાર યુદ્ધને લગભગ રીયલ ટાઈમમાં જોયું. બગદાદથી લાઈવ રિપોર્ટીંગ, બોમ્બમારાના અવાજો અને ઉડતાં જેટ ફાઈટર વિમાનો બધું જ સીએનએનના સ્ક્રીન પર હતું. આ જ એ ક્ષણ હતી, જ્યારે 24 કલાકની ન્યૂઝ ચેનલની ઉપયોગીતા પર કોઈ સવાલ રહ્યો નહોતો. દુનિયાના બાકી દેશોમાં પણ દર્શકોને માત્ર ઘટનાના સમાચાર જ જોઈતા નહોતા; તેમને ઘટના ઘટતી જોવી હતી.

ટર્નરની સૌથી મોટી ઉપલબ્ધિ કદાચ એ જ હતી કે તેમણે સમાચારોના 'સમય'ને બદલી નાખ્યો હતો. સાથે સાથે તેમણે સમાચારોનું 'સ્વરૂપ' પણ બદલી નાખ્યું હતું. 24 કલાકનું આ મશીન ચલાવવા માટે લગાતાર સામગ્રીની જરૂર હતી અને એમાંથી જ 'બ્રેકિંગ ન્યુઝ'ની સંસ્કૃતિ પેદા થઈ. દરેક ઘટનાને તરત બતાવવાની હોડ, દરેક અપડેટને 'તાજા' બનાવવાનો દબાવ, અને વચ્ચેના સમયને ભરવા માટે વિશ્લેષણ, ડિબેટ અને અટકળો આ બધું એ જ મોડેલની દેન છે.

ભારત જેવા દેશમાં આ ક્રાંતિનો પ્રભાવ સાફ દેખાયો હતો. 1990ના દાયકાના અંત અને 2000ના દાયકાના પ્રારંભમાં જ્યારે ખાનગી ન્યૂઝ ચેનલોનો વિસ્તાર થયો, તેમણે પણ એ જ 24 કલાકનું મોડેલ અપનાવ્યું હતું. આજે આપણે ત્યાં સેંકડો ચેનલો છે, જે દિવસ-રાત સમાચારો પીરસે છે, ક્યારેક ગંભીર, ક્યારેક સનસનાટીપૂર્ણ, ક્યારે માહિતીપ્રદ, તો ક્યારેક શોરબકોરથી ભરપુર. આ બધું ટેડ ટર્નરના કારણે શરૂ થયું હતું.

પરંતુ ટર્નરની કહાની કેવળ એક સફળ આઈડિયાન જ કહાની નથી; તે એક એવા સાહસની કહાની પણ છે, જે નિષ્ફળતાની સંભાવના છતાં તેમણે આગળ વધાર્યું હતું. તેમણે તેમની કારકિર્દીમાં અનેક ઉતાર-ચઢાવ જોયા હતા. આર્થિક સંઘર્ષ, વ્યક્તિગત પછડાટો અને વ્યવસાયની પ્રતિસ્પર્ધા, પણ એક ચીજ સ્થિર રહી; તેમનો વિશ્વાસ કે મીડિયા સીમાઓમાં કેદ રહેવું ન જોઈએ.


આજે એ માનવું મુશ્કેલ નથી કે અગર ટેડ ટર્નર ના હોત, તો આપણી દુનિયા અલગ જ હોત. કદાચ આપણે હજુ પણ સમાચારો માટે સાંજનાં ન્યૂઝ બુલેટિનની રાહ જોતા હોત, અને દુનિયાની ઘટનાઓ 'વાસી' થઈ જઈને આપણી પાસે આવતી હોત. ટર્નરે સમયને સંકુચિત કરી દીધો હતો; ઘટનાઓ અને દર્શકો વચ્ચેનું અંતર લગભગ ખતમ કરી નાખ્યું હતું.

'હું 75નો છું, હવે કેટલું જીવીશ? કદાચ 80?' 2013માં તેમના જન્મદિવસ પર ટેડ ટર્નરે એક પત્રિકાને ઈન્ટરવ્યુમાં સહજ ભાવે આમ કહ્યું હતું. પત્રકાર પેટી સેલર્સે હસીને કહ્યું હતું, '90 કેમ નહીં?' તો ટર્નરે જવાબ વાળ્યો હતો, 'સંભવ તો છે...પણ હું વ્યવહારિક વાત કરી રહ્યો છું.'

**ટર્નર બિઝનેસમેન હતા, પત્રકાર નહીં, પણ તેમને 'સંભાવના'ને પારખતાં આવડતું હતું. તેમની પાસે અમેરિકામાં કેબલ ટેલિવિઝનનું તેજીથી વધતું નેટવર્ક હતું, જેમાં સમયની કોઇ પાબંધી નહોતી. ટર્નરને એક વિચાર આવ્યો; જો 24 કલાકના ટેલિવિઝન કાર્યક્રમો હોય, તો સમાચારો કેમ નહીં?**

પછી તેમણે એવી વાત કરી હતી, 'જે તેમના વ્યક્તિત્વને સમજવાની ચાવી પણ છે; 75ની ઉંમરે કશું નવું કરવા માટે મોડું થઈ ગયું છે, ખાસ કરીને એવાં કામો માટે જેને સફળ થતાં વર્ષો લાગે છે. હું એવું કશું શરૂ કરવા નથી માંગતો, જેની સફળતા પહેલાં હું મરી જાઉં અથવા અપંગ થઈ જાઉં.'

પણ વિડંબના જુવો, જે વ્યક્તિને 75ની ઉંમરે નવું શરૂ કરવા માટે સમય ઓછો લાગતો હતો, તેણે 1980માં જે શરૂઆત કરી હતી, તે આજે તેમના મૃત્યુ પછી પણ દુનિયાની ધડકનોને નિયંત્રિત કરી રહી છે. ટેડ ટર્નર કદાચ તેમના જીવનની અવધિને લઈને વ્યવહારિક હતા, પણ તેમની કલ્પનાની ઉંમર એના કરતાં બહુ લાંબી નીકળી હતી.



# કરકસરની ચર્ચા

બોલ્યું-ચાલ્યું માફ
ઉર્વિશ કોઠારી




**નાગરિકોની અરજી પર વિગતો આપવામાં કરકસર નથી કરતા? લોકો કરકસર કરીને પ્રામાણિકતાથી જીવે છે, જ્યારે આપણે પ્રામાણિકતા આચરવામાં ભારે કરકસર નથી કરતા? અને સાચું બોલવાની કરકસરમાં... ભલે આપણે સાહેબને પહોંચી ન શકીએ, પણ પ્રયાસ તો એવો જ રહે છે ને...**

એવું કહેવાય છે કે મહંમદ તઘલકના રાજમાં અધિકારીઓ રાત્રે સૂઈ જાય ત્યારે તેમના મનમાં એ જ વિચારો ચાલતા કે કાલે સવારે સાહેબ કયું નવું ગતકડું કાઢશે? આ વાત સાચી છે કે નહીં તેનો કોઈ આધારપુરાવો નથી, પણ હવે આપણે એવા યુગમાં પ્રવેશી ગયા છીએ, જેમાં ઘણી પ્રજાને આધારપુરાવા સાથે કશી નિસબત રહી નથી. તેમનો આરાધ્ય બાવો બળાત્કારી હોય તો પણ તેમનો ભક્તિભાવ ઓછો નથી થતો, ને તેમનો આરાધ્ય નેતા ઝેરીલો, આત્મમુગ્ધ અને બેજવાબદાર હોય તો પણ તેના બચાવમાં તે જરાય પાછા પડતા નથી. એકાદ દાયકા પહેલાં 'પોસ્ટ-ટ્રુથ સોસાયટી'નો ખ્યાલ ચલણી બન્યો હતો. એક એવો સમાજ, જેમાં સચ્ચાઈ અપ્રસ્તુત છે. એવી જ રીતે હવે ઘણા લોકો માટે 'પોસ્ટ-વેલ્યુઝ' જેવો કોઈ શબ્દપ્રયોગ બનાવવો પડે, જેમને મૂલ્યો સાથે કશી નિસબત નથી. તેમના સાહેબો મૂલ્યોને ફાંસીએ ચડાવે કે ગોળીએ દે, તેમને મન સાહેબ મહાન છે એટલે છે જ.

પણ વાત મહંમદ તઘલકની ચાલતી હતી. તઘલકને તો આપણે જોયો નથી, પણ વર્તમાન શાસન આપણે જોયું છે, વેઠ્યું છે ને વેઠીએ છીએ. તો તેના અમલદારોને તઘલકના અમલદારો જેવું થતું હશે? એ તો ભવિષ્યમાં કોઈ અમલદાર સરકારની સ્તુતિઓ ગાવામાંથી પરવાર્યા પછી પોતાના સાચા અનુભવો લખે તો ખબર પડે. સાહેબનો લેટેસ્ટ આદેશ છે કે કરકસર કરવી. જ્યોતીન્દ્ર દવેના વિખ્યાત હાસ્યનિબંધ 'મારી વ્યાયામસાધના'માં કર્તા અધ્યાહાર રાખવાની વાત આવે છે. ('દંડબેઠક કર્યા?' 'હા કર્યા.' પણ કર્તા અધ્યાહાર. કોઈકે તો કર્યા જ હશે ને.) સાહેબની વાતમાં કર્તા તો નક્કી હોય, જે કરવાનું હોય તે સામેવાળાએ જ કરવાનું હોય. તેમની વાતોમાંથી તેમની પોતાની જવાબદારી કાયમી ધોરણે અધ્યાહાર હોય છે.

સાહેબની કરકસરની અપીલ સાંભળીને અધિકારીઓનો એક વર્ગ વિચારમાં પડી ગયો. તેમને થયું કે સાહેબની અપીલ આપણે ઝીલી છે, એ દેખાડવા શું કરવું જોઈએ? તેનો પહેલો જવાબ રાબેતા મુજબ એ મળ્યો કે મિટિંગ યોજીએ. એ કાલ્પનિક મિટિંગની કાર્યવાહીનું વર્ણન.

અધિકારી 1: સાહેબો, આજે આપણે જે કામ માટે મળ્યા છીએ...

મુખ્ય સાહેબ: એક મિનીટ. આ રૂમમાં કેટલાં એસી ચાલે છે? તેમાંથી અડધાં બંધ કરો.

અધિકારી 2: પ્યૂન એસી બંધ કરતો હોય એની વિડીયો ઉતારવાની છે સાહેબ? કદાચ કાલે ઉઠીને દરેકે એવી વિડીયો અપલોડ કરવાની આવે.

મુખ્ય સાહેબ: ચાલો, તમને આટલી સૂઝ પડતી થઈ ગઈ, એ સારી નિશાની છે. તમે બધા જાણો છો કે સાહેબે કરકસરનું દેશવ્યાપી, ગગનભેદી આહ્વાન કર્યું છે.

અધિકારી 2: કોઈ દેશમાં ધરતીકંપના હળવા આંચકાના સમાચાર હતા, તે એના લીધે તો નહીં હોય ને?

અધિકારી 3: મેં તો બાળપણમાં એવું સાંભળ્યું હતું કે રાજા જૂઠું બોલે તો ધરતી ડોલે.

અધિકારી 4: એ તો નકરો વહેમ. બાકી આપણે ત્યાં રોજ ઉઠીને ધરતીકંપ ન થતા હોત?

મુખ્ય અધિકારી (આંખો કાઢીને): આપણે આટલી અગત્યની ચર્ચા માટે ભેગા થયા છીએ, એમાં તમે ધરતીકંપનું પુરાણ ક્યાં ખોલ્યું? વિચાર એ કરવાનો છે કે આપણે કરકસરનાં એવાં કયાં પગલાં લઈ શકીએ જે સાહેબને બતાવી શકાય? એમને તમારો દેખાડો ગમશે તો સીધું દિલ્હી પણ પોસ્ટિંગ મળી શકે છે.

અધિકારી 2: આ ધમકી છે, સાહેબ?

અધિકારી 4: એ તો પ્રમોશનની વાત કરે છે. ત્યાં ગયા પછી મોટી જવાબદારી લેવાની.

અધિકારી 3: એટલે, મોટો દેખાડો કરવાની?

અધિકારી 4: ના ભાઈ, ના. દિલ્હીમાં કોઈકે તો જવાબદારીથી કામ કરવું પડે કે નહીં? એ કોઈક એટલે આપણે બધા. સાહેબને તો આખો દિવસ ફોટોશૂટ, ઝંડીઝુલણ, રેલી, રોડ શો ને બીજું કેટકેટલું ચાલતું હોય? એ કંઈ દેશનો વહીવટ કરવા નવરા થોડા હોય?

મુખ્ય અધિકારીઃ હમણાં અંદરોઅંદર ચર્ચા કરવાને બદલે આપણે ફરી મુદ્દા પર આવીએ. કઈ બાબતમાં આપણે ઉડીને આંખે વળગે એવી કરકસર કરવી જોઈએ?

અધિકારી 3: આપણે વર્ક ફ્રોમ હોમ કરી શકીએ. ક્લાર્કોએ ને પટાવાળાએ આવવાનું. બાકી આપણે બધા પોતપોતાના વતનમાં ને ત્યાં રહીને ઓફિસનું કામ કરીશું. કેવો આઈડીયા છે સાહેબ?

અધિકારી 2: આપણે એક દિવસના ખાવાનો ત્યાગ કરવો જોઈએ.

બેઠેલામાંથી મોટા ભાગના અધિકારીઓ : એય, આ શું માંડ્યું છે? આમને આપણા વતી બારોબાર બોલવાની સત્તા કોણે આપી? મગજબગજ જેવું કંઈ છે કે નહીં?

અધિકારી 2: અરે મિત્રો, હું તો જમવાનાની-ભોજનની-એ ખાવાની વાત કરતો હતો. તમે નકામા ઉશ્કેરાઈ ગયા.

અધિકારી 4: આપણે કેટલી બધી બાબતોમાં ઓલરેડી સાહેબને અનુસરીને કરકસર કરીએ જ છીએ. તેમને ફક્ત જાણ કરવાની જ વાર છે.

મુખ્ય અધિકારીઃ દાખલા તરીકે?


અધિકારી 4: આપણે માહિતી અધિકાર હેઠળ આવતી નાગરિકોની અરજી પર વિગતો આપવામાં કરકસર નથી કરતા? લોકો કરકસર કરીને પ્રામાણિકતાથી જીવે છે, જ્યારે આપણે પ્રામાણિકતા આચરવામાં ભારે કરકસર નથી કરતા? અને સાચું બોલવાની કરકસરમાં... ભલે આપણે સાહેબને પહોંચી ન શકીએ, પણ પ્રયાસ તો એવો જ રહે છે ને...

આટલું સાંભળીને, ફિલ્મોમાં ટેબલ પર હથોડી પછાડતા ન્યાયાધીશની અદામાં, મુખ્ય સાહેબે ટેબલ પર હાથની મુઠ્ઠી પછાડી ને ઊભા થઈને જતા રહ્યા.

## ઈશિતાનું અલકમલક

### આપણે આજકાલ કેમ ઓછું બોલીએ છીએ?

સ્ત્રી સહિત જી હા, સ્ત્રી સહિત સામાન્ય લોકોની માન્યતા એવી છે કે પુરુષની સરખામણીમાં સ્ત્રી વધુ બોલબોલ કરે છે! વેલ, કોણ વધુ બકબક કરે છે - સતત બોલે છે એ ચર્ચા થોડી વાર માટે બાજુએ રાખીએ કારણ કે તાજેતરમાં આ 'બોલવા' પર એક તાજું સર્વેક્ષણ થયું છે, જેનાં તારણ ભાષાશાસ્ત્રીઓને થોડા મૂંઝવી રહ્યાં છે. કેન્સસ અને એમેઝોન યુનિવર્સિટીના ભાષાશાસ્ત્રીના એક તારણ અનુસાર આજકાલ લોકોમાં બોલવાનું પ્રમાણ ઘટી રહ્યું છે. પહેલાં લોકો (સ્ત્રી-પુરુષ) રોજ સરેરાશ ૧૬ હજાર ૭૦૦ શબ્દ બોલતા હતા જે આજે ઘટીને ૧૨ હજાર ૫૦૦ થઈ ગયા છે. બીજા શબ્દોમાં કહીએ તો દરરોજ બોલાતા શબ્દોની સંખ્યા ૨૦% ઘટી ગઈ છે! આમ કેમ થયું એનાં કારણ ચકાસતાં પહેલાં આપણે થોડા ફ્લેશ બેકમાં જવું પડશે 'આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ'(AI) અર્થાત 'કૃત્રિમ બુદ્ધિમત્તા'ના અનેક પ્રકારમાં સૌથી વધુ પોપ્યુલર એવા 'ચેટજીટીપી'ને 'ઈશિતા'એ અગાઉ પૂછ્યું હતું : 'પુરુષ અને સ્ત્રી દિવસ દરમિયાન સરેરાશ કેટલા શબ્દો બોલે છે?' ત્યારે જવાબ મળ્યો હતો : 'સામાન્ય માન્યતા એવી છે કે પુરુષની સરખામણીએ સ્ત્રી વધુ બોલબોલ કરે છે. વચ્ચે એક સર્વેનો એવો અહેવાલ આવ્યો હતો કે દિવસ દરમિયાન પુરુષ માત્ર ૭ હજાર શબ્દ બોલે છે, જયારે સ્ત્રી મશીનગનમાંથી બુલેટની ધાણી ફૂટતી હોય તેમ દિવસ દરમિયાન ૧૮ થી ૨૦ હજાર શબ્દો બોલે છે...! જો કે એ સર્વેનું તારણ મોટા ભાગના ભાષાવિજ્ઞાનીઓએ સ્વીકાર્યું નહીં. ત્યાર બાદ 'યુનિવર્સિટી ઓફ એરિઝોના'ની રી-સર્ચ ટીમે ડિજિટલ વૉઈસ રેકોર્ડરથી અનેક સ્ત્રી-પુરુષની વાતચીત લાંબા ગાળા સુધી રેકોર્ડ કરીને એક વ્યવસ્થિત સર્વે કર્યો ને શોધી કાઢ્યું કે એક સ્ત્રી દિવસમાં સરેરાશ ૧૬ હજાર ૨૧૫ શબ્દા બોલે છે, જ્યારે પુરુષ ૧૫ હજાર ૬૬૯ શબ્દ ઉચ્ચારે છે. બીજા શબ્દોમાં કહો તો પુરુષ-સ્ત્રી લગભગ એકસરખા પ્રમાણમાં જ બોલે છે. આમ 'સ્ત્રી વધુ બોલે છે' એ માન્યતા ભૂલભરેલી છે! હવે ફરી મૂળ વાત પર આવીએ કે વાતચીતની ભાષામાંથી દર વર્ષે ૧ લાખ ૨૦ હજાર શબ્દો આપણે ઓછા કેમ બોલી રહ્યા છીએ? આ વિશે પણ તલસ્પર્શી સંશોધન પછી એવાં તારણ બહાર આવ્યાં છે કે પહેલાંની સરખામણીએ લોકો હવે વાતોડિયા રહ્યા નથી. ખપ પૂરતું જ બીજા સાથે બોલવાનું રાખે છે. ડિજિટલ ટેક્નોલોજીના આગમન અને પ્રસારણ પછી સામાન્ય માણસ પણ વધુ સમય એના મોબાઈલ સ્ક્રીન પર ગાળે છે. એને બોલવા કરતાં લખવું વધારે ફાવી ગયું છે. બે-પાંચ શબ્દ બોલવાને બદલે એની વાત ટૂંકમાં વ્યકત કરવા એ 'ઈમોજી 'કે ટેક્સ્ટ મેસેજ કે પછી ઈ-મેલનો ઉપયોગ વધુ કરવા લાગ્યો છે. ભાષાનિષ્ણાતોને આશંકા છે કે જો આ ટ્રેન્ડ ચાલુ રહેશે તો બહુ ઝડપથી બોલાતી ભાષા પણ લુપ્ત થવા લાગશે!






### આ તે કેવો 'કંજૂસ' કરોડપતિ?

થોડા સમય અગાઉ અમેરિકાના એક અનામી યુવકે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ વહેતી મૂકી હતી, જેની હજુ પણ બહુ ચર્ચા છે. પેલા ગુમનામ અમેરિકન યુવાને લખ્યું છે કે મારી જહેમત એન્ડ વીથ ગોડ'સ ગ્રેસ - પ્રભુની દયાથી આજે હું કરોડો ડોલરની જાયદાદ ધરાવું છું પરંતુ આની જાણ મેં મારા પરિવારને કરી નથી! મને ન જાણે કેમ એવું લાગ્યા કરે છે કે મારા ઘરવાળા જાણશે કે 'હું કરોડપતિ છું' તો મારી સંપત્તિ એક યા બીજી રીતે વાપરી નાખશે માટે હું એમને જાણ થવા દેતો નથી કે હું કેટલો બધો અઢળક શ્રીમંત છું. આમ તો હું બે વૈભવી કાર અને એક અતિ આધુનિક પેન્ટહાઉસ ધરાવું અને મારી ગર્લફ્રેન્ડ સાથે 'લીવે ઈન'માં રહું છું પરંતુ બીજા શહેરમાં રહેતાં મારા પરિવારમાંથી મારો નાનો ભાઈ - બહેન કે મમ્મી-પપ્પા કોઈ મને મળવા કે સાથે રહેવા આવે ત્યારે એક નાનું એપાર્ટમેન્ટ કામચલાઉ ભાડે લઈને મારા પરિવારવાળા સાથે થોડા દિવસ રહું છું. (આ વાતની જાણ મારી ગર્લફ્રેન્ડને પણ નથી!) ઘરના લોકો માત્ર એટલું જ જાણે છે કે હું મારા પૂરતું ઠીક ઠીક કમાઉં છું એટલે એ લોકો મારી પાસેથી પૈસા ઊછીના માગતા નથી કે મારા પર બોજ પણ બનતા નથી. આમ કરોડો ડોલરનો અજબગજબ અજંપો ધરાવતો પેલો અનામી યુવાન ઉમેરે છે કે મારા પરિવારવાળા સાથે હું આવું 'ડબલ રોલ'વાળું જીવન ક્યાં સુધી જીવીશ એ મને પણ ખબર નથી. હા, મને લાગશે કે હવે સાચી વાત કહેવાનો સમય આવી ગયો છે ત્યારે હું સામેથી મારી આ છલના છતી કરીશ! અમેરિકન યુવાનની આ વાયરલ થઈ ગયેલી પોસ્ટની અનેક વિભિન્ન પ્રતિક્રિયા હજુ પણ આવી રહી છે. કોઈએ એની વાતને વધાવી છે તો અમુકે એની આવી ચેષ્ટાને 'સ્વાર્થી' અને 'કંજૂસ' કહીને વખોડી પણ છે. બીજી તરફ એવા પણ કેટલાક વડીલો છે, જેમણે આવી સ્થિતિ-પરિસ્થિતિમાંથી કઈ રીતે બહાર આવવું એની સલાહ-સૂચન અને ઉકેલ પણ સૂચવ્યાં છે!



### ઈશિતાનું ઈત્યાદિ...ઈત્યાદિ

» 'ઈશિતા'એ આ કોલમમાં 'કોણ વધુ બોલે - સ્ત્રી કે પુરુષ?'ના એક સર્વેની વાત કરી છે. એમાં એક રસપ્રદ માહિતી એ પણ મળી કે સર્વે દરમિયાન એક દિવસમાં સૌથી વધુ ૪૭ હજાર શબ્દ બોલનારી વ્યક્તિ એક પુરુષ હતી અને સૌથી ઓછા ૭૦૧ શબ્દ બોલનારી વ્યક્તિ એક સ્ત્રી હતી!

» જગતભરમાં આજકાલ એક અમેરિકન - ડોનાલ્ડ ટ્રમ્પ બહુ ચર્ચામાં છે. એ બીજી વાર ૨૦૨૪માં અમેરિકાના પ્રમુખની ચૂંટણીમાં ઊભા રહ્યા ત્યારે એમની ટક્કર એ વખતના પ્રેસિડન્ટ જો બાઈડન સાથે હતી. તે વખતે એ બન્ને વિશે એક સર્વે થયો હતો, જેમાં અમેરિકાના નાગરિકોને પૂછવામાં આવ્યું કે 'આ બન્ને વિશે તમે શું ધારો છો? માત્ર એક એક શબ્દોમાં તમારો અભિપ્રાય આપો... ત્યારે બાઈડનને મોટા ભાગનાએ 'વૃદ્ધ'- 'મૂંઝાયેલા' અને 'અસમર્થ' કહ્યા તો ટ્રમ્પ માટે મોટા ભાગના અમેરિકનોએ કહ્યું : એ 'બદમાશ'- 'ભ્રષ્ટ'- 'લબાડ' અને 'જુઠ્ઠો' છે! આવાં બધાં 'વિશેષણ' આજે ૨૦૨૫માં પણ એટલાં જ અદલોદલ ખરાં છે અને યાદ રહે આ 'મારફાડ માસ્ટર' તોફાની ટ્રમ્પને આખી દુનિયાએ ૨૦૨૯ સુધી સહન કરવાનો છે!

» જંગલ છોડીને માનવ વસાહતમાં ઘૂસણખોરી કરી રહેલી વાનર પ્રજાએ એવો ત્રાસ ફેલાવી દીધો છે કે મહારાષ્ટ સરકારે સત્તાવાર એક જાહેરાત કરી છે કે જે કોઈ વાંદરાને પકડી લાવશે એને તાત્કાલિક રૂપિયા ૬૦૦ રોકડા આપવામાં આવશે! જો કે 'એક બંદર છેસો કે અંદર'ની આ સરકારી 'કેશ ફોર કેચ'ની મોંઘી નીતિ -રીતિનો વિપક્ષો વિરોધ કરી રહ્યા છે.

### ઈશિતાની એલચી

**આ દુનિયામાં જો સૌથી વધુ કોઈ બેવફા હોય તો એ છે સરી જતો સમય!!**